# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

जिल्ला सेवा सदन-२ — જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

15 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/RedCross/૨૦૧૯/૨૩૫ તા.૦૯/૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી, સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક, માધ્યમિક અને ઉ. માધ્યમિક-તમામ
ભાવનગર શહેર

વિષય : આપની તાબા હેઠળની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને જૂનિયર રેડક્રોસની પ્રવૃત્તિમાં સાંકળીને શાળામાં જૂનિયર રેડક્રોસ યુનિટ શરૂ કરવા બાબત

સંદર્ભ : ઇન્ડિયન રેડક્રોસ સોસાઇટીનાં પત્રાંક IRCS/640/2019, તા.06/07/2019

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે જૂનિયર રેડક્રોસ યુનિટમાં જોડાવવા અંગેની મીટીંગ માટે શાળાના રસ ધરાવતા અને નિષ્ઠાવાન શિક્ષકને કન્વીનર બનાવી નીચે જણાવેલ સ્થળ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ: રેડક્રોસ ભવન, દિવાનપરા રોડ, ભાવનગર
તારીખ: ૧૩/૦૭/૨૦૧૯ (શનિવાર)
સમય: સવારે ૧૦:30 કલાકે

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner



# + INDIAN REDCROSS SOCIETY +

BHAVNAGAR DISTRICT BRANCH (Gujarat)
Red Cross Bhavan • Diwanpara Road • Bhavnagar-364 001.
Ph. : (0278) 2424761 / 2430700 • E-mail : ircsbvn@yahoo.com

PRESIDENT :
District Collector,
Bhavnagar

VICE - PRESIDENT :
Shri Pratap T. Shah
Saurashtra Samachar,
High Court Road,
Bhavnagar - 364 001.
Ph. : (O.) 2426500
(R.) 2560700

CHAIRMAN :
Dr. Milan Dave
3, Kalubha Road,
Nirmal Appartment,
Block No. F/3,
Bhavnagar.
Mob. 9426348596

VICE - CHAIRMAN :
Shri Sumit A. Thakkar
C-4, Laxmi Society,
Near Jain Derasar,
Opp. Mahadev Pan House,
Subhashnagar, Bhavnagar.
M. 9825566642

HON. SECRETARY :
Smt. Varshaben B. Lalani
D-1, Niraj Appartment,
Waghawadi Road,
Near Post Office,
Bhavnagar.
M. 9824124271

HON. TREASURER :
Kum. Bharatiben S. Gandhi
3, Satyam Shivam Sundaram
Flat, Opp. Salt Marine,
Waghawadi Road,
Bhavnagar.
M. 9426145387

HON. JT. SECRETARY :
Dr. Yogeshbhai S. Upadhyay
16, Champa Raw Houses,
Plot No. 1575, Rupani,
Bhavnagar.
M. 9427248007

Ref. No. IRCS ૬૪૦/૨૦૧૯

Date : 06 - 07 - 2019

પ્રતિ,
શિક્ષણાધિકારીશ્રી
ભાવનગર.

**વિષય: આપની તાબા હેઠળની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને જૂનિયર રેડક્રોસની પ્રવૃત્તિમાં સાંકળીને શાળામાં જૂનિયર રેડક્રોસ યુનિટ શરૂ કરવા બાબત.**

સાહેબશ્રી,

જય ભારત સાથ જણાવવાનુંકે રેડક્રોસ સોસાયટી વિશ્વની સૌથી મોટી અને આશરે ૧૮૮ દેશોમાં પથરાયેલી આંતર રાષ્ટ્રિય આરોગ્યલક્ષી કાર્ય કરતી સંસ્થા છે. જે અંતર્ગત ભારતમાં પણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની તમામ રાજયોમાં અને દેશના તમામ જિલ્લાઓમાં સંસ્થાની પ્રવૃત્તિઓ કાર્યવિન્ત છે. આ સંસ્થા ભારતના કાયદા ધ્વારા સ્થપાયેલી છે. જે મુજબ રેડક્રોસના જિલ્લા શાખાના પ્રમુખ તરીકે જિલ્લા કલેકટરશ્રી, રાજય શાખાના પ્રમુખ તરીકે રાજયના નામદાર રાજયપાલશ્રી, તથા રાષ્ટ્રીય શાખાના પ્રમુખ તરીકે ભારતના રાષ્ટ્રપતિ આ સંસ્થાના પ્રમુખ છે. આમ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સરકારશ્રી સાથે સહકાર કરીને આરોગ્યલક્ષી તેમજ સેવાકીય કાર્ય કરે છે.

ભાવનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી ધ્વારા શહેરની શાળાઓમાં જૂનિયર રેડક્રોસની પ્રવૃત્તિઓ આશરે છેલ્લા નવ વર્ષથી કરે છે. આ પ્રવૃત્તિ કરવા પાછળનો હેતુ મુખ્યત્વે કરીને શાળાના વિદ્યાર્થીઓમાં સેવાકિય પ્રવૃત્તિના ગુણ વિકસે તેમજ તેઓમાં આરોગ્ય લક્ષી જાગૃતિ આવે તેમજ શાળા અને વિદ્યાર્થીઓના માધ્યમથી સમાજમાં વિવિધ ક્ષેત્રે જાગૃતતા આવે તે છે. ખાસ કરીને જૂનિયર રેડક્રોસ યુનીટ ધ્વારા FIRST AID (પ્રાથમિક સારવાર) ની તાલીમ, બ્લડગ્રૂપીંગ, ડીઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ, આરોગ્ય તપાસણી, ટેલેન્ટ ફેસ્ટીવલ, ફીલ્મ શો, સાંસ્કૃતિક કાર્યક્રમો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓનું સન્માન વિવિધ આરોગ્યના વિષયો પર વાર્તાલાપ, પ્રદર્શનો, સ્પોર્ટસ મીટ, વિવિધ સ્પર્ધાઓ, જનજાગૃતિ રેલીઓ, રાજયકક્ષાનો તથા જિલ્લા કક્ષાનો જે.આર. સી.કેમ્પ સહીત અનેક જન જાગૃત્તિના કાર્યક્રમો તથા ચક્ષુદાન–દેહદાન અને રકતદાનની પ્રવૃતિ અંગે જનજાગૃતિ, કુદરતી આપત્તિ સમયે જે.આર.સી.ના માધ્યમ ધ્વારા સહાય કાર્યક્રમ, રાજય/રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાના નેતૃત્વ ઘડતરના કેમ્પ વગેરે પ્રવૃતિઓ આ યુનિટ ધ્વારા થઈ શકે છે.

ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે પ્રયોજાતિ સર્વે ગ્રાહી મુલ્યાંકનપ્રથાના મુળભૂત હેતુઓ અને પ્રક્રિયાઓને આ યુનીટ ધ્વાર કાર્યરત કરી શકાય છે.






યુવાનીમાં રકતદાન
મૃત્યુબાદ ચક્ષુદાન
છેવટનું દેહદાન

1000 (09-16)

Scanned by CamScanner

## જૂનિયર રેડક્રોસ તથા યુથ રેડક્રોસમાં શાળાઓ/કોલેજો ધ્વારા કરવાની પ્રવૃતિઓની માહિતી

- ⊕ આરોગ્યલક્ષી સેમિનારો/વકતવ્યો/ પોષ્ટર પ્રદર્શન
- ⊕ મેડીસીન કલેકશન કાર્યક્રમો
- ⊕ હોસ્પિટલ સેવા યોજના
- ⊕ વ્યસન મૂકિત કાર્યક્રમો..
- ⊕ ચક્ષુદાન– દેહદાન પ્રવૃતિનો પ્રચાર પ્રસાર..
- ⊕ રેડક્રોસની વિવિધ પ્રવૃતિનો પ્રચાર પ્રસાર..
- ⊕ સ્વચ્છતા અભિયાન..
- ⊕ યોગ તાલીમ / પ્રાર્થના સભા..
- ⊕ ડિઝાસ્ટર તથા ફાયર સેફટીની તાલીમ..
- ⊕ શેરીનાટકો / સાંસ્કૃતિક કાર્યક્રમો
- ⊕ દ્રષ્ટી ચકાસણી
- ⊕ વિવિધ પ્રવૃતિઓ માટે કમીટીની રચના કરવી.
- ⊕ શાળા કક્ષાએ થયેલ કાર્યક્રમોનું નીયમિત રીપોર્ટીગ
- ⊕ તમામ શાળા/ કોલેજોમાં આ પ્રવૃતિ અંતર્ગત ઓરીએન્ટેશન વર્કશોપ, રેડક્રોસની પ્રાથમિક માહિતી આપતો વર્કશોપનું આયોજન કરી શકાય..
- ⊕ સામુહિક વૃક્ષા રોપણ શાળા પટાંગણમાં, વિસ્તારના જાહેર સ્થળ, ધાર્મિક સ્થળ, વગેરેનું આયોજન કરવું જેમાં લીબડો, પીપળો જેવા વૃક્ષને મહત્વ આપવું.
- ⊕ દરેક શાળામાં દિકરીઓને રૂબેલા રસીકરણ માટેનું આયોજન કરવું.
- ⊕ બ્લડ ગ્રૃપિંગ તથા વાલીઓ માટે બ્લડડોનેશન કેમ્પ
- ⊕ થેલે સેમિયા જનજાગૃતિ કાર્યક્રમ
- ⊕ લીગલ અવરનેસ કાર્યક્રમો તથા લીગલ એઈડ કલીનીક
- ⊕ વિવિધ સ્થળોની મુલાકાત
- ⊕ તાલુકા તથા જિલ્લા કક્ષાએ તથા આંતર સ્કૂલ સ્પર્ધાઓ / વિવિધ નિષ્ણાંતોના વ્યાખયાનો.
- ⊕ દરેક શાળામાં પ્રાથમિક સારવારની તાલીમનો કેમ્પ ગોઠવવો.
- ⊕ આ ઉપરાંત વિશીષ્ટ પ્રવૃતિ જણાય તે કરવી.
- ⊕ આ વરસાદની સીઝનમાં મેલેરીયા/ ડેન્ગ્યું વિરોધી માસની ઉજવણી કરવી...
- ⊕ દરેક શાળાના બાળકો માટે રેડક્રોસની મુલાકાત અને પ્રવાસનું આયોજન કરીએ..
- ⊕ વિવિધ દિવસોની ઉજવણીમાં બાળકો માટે સ્પર્ધાઓ અને તેમને પ્રોત્સાહન મળે તેવું આયોજન કરીએ...
- ⊕ દરેક શાળા જૂનિયર રેડક્રોસની શકય તેટલી પ્રવૃતિ કરવાનો પ્રયત્ન કરે.

Scanned by CamScanner